गुजराती बीजी चोपडीना अर्थ.

કવિતાની સમજુતી, તથા બીજા
કેટલા વધારા સાથે.

બુકસેલર જગજીવન દલપતરામે

છપાવી પ્રસિદ્ધ કર્યા.

અમદાવાદ.
યુ૦ પ્રીં૦ અને જ૦ એ૦ કં૦ "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યા.

સને ૧૮૮૩.   સંવત ૧૯૩૯.

કિમ્મત ૨ આના.

૧૯૪૦

ગુજરાતી બીજી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

ઉકેલતાં=વાંચતા; પારખતાં.
શીખામણ= ફાયદાની વાત.
મજાની=સારી.
સાચવજો=સંભાળજો.
બોલીએ=સાદ કાહાડીને કહીએ.
અક્ષરે=દસ્કતે; હરફે.
બગાડશો=ખરાબ કરશો.
વાહ=અરે! ઓહો!
દહાડા=દિવસ; દીન.
પૂરા=બરાબર; બધા.
બોલ=શબ્દ.
ડાહી ડાહી=ડાહાપણ ભરેલી; ફાયદાવાળી.
માં=ના; નહિ.
ઠેકાણે=જગોએ.
બગડે ખરાબ થાય.
ફાડવાં=ચીરવાં.
વેહેલું=જલદી.
ભણવું=શીખવું.
ઠીક=બરાબર; સારી રીતે.
છેક=ઘણું; બહુ.
તાણીને=ખેંચીને.
ધીમે=હળવે; આસ્તે.
સાદે=અવાજે.
સૌ=સઘળા; બધા.

પાઠ ૨ જો.

શોભાય=સારી દેખાય.
કારજ=કામ.
હૈઉં=મન; દિલ.
ચોપડીઓ=પોથીઓ.
હરખાય=ખુશી થાય.
સમજણ=અક્કલ; સમજ.
વીગતેથી=શબ્દે શબ્દની સમજણથી; વિગતવાર.
સાર=મતલબ; સારાંશ.
ચોપાઈ=જેમાં ચાર પદ આવેલાં હોય તે.
સારી=મજાની; સુંદર.
દેખી=જોઈ.
જીવ=મન; ચિત્ત.
ઘાલીને=રાખીને.
વિચાર=મનસુબો.

(કવિતાની સમજુતી.) (૧).

સારી ચોપડીઓ હોય તે સારી દેખાય, તે જોઇને આપણું મન ખુશ થાય; પણ જો તે વીગતથી એટલે શબ્દે શબ્દ છુટો

પાડીને વંચાય તો તેમાંથી આપણું કામ થાય. (૧).

જેમ જેમ મન રાખીને વાંચે, તેમ તેમાં સમજણ આવે; પણ વાંચ્યો જાય ને મનમાં કંઈ વિચાર કરે નહિ, તો તે માંહેલી બધી મતલબ સમજે નહિ. (૨).

પાઠ ૩ જો.

ચકલી=મોટી ચકલી.
લાવ્યો=લેઇને આવ્યો
પુછ્યું=તજવીજ કીધી.
રાણા=રાજા.
તપેલામાં=પાતેલામાં.
બારણામાં=ઘરમાં.
પૈસાશે=અવાશે; જવાશે.
પાટો=લાંબું ફાડેલું ચીથરૂં.
ચકલા=ચકલો.
ઓરીને=રાંધવા મૂકીને.
બધી=સઘળી.
ધડો=દોરીઓ.
ઉતારો=લઈ લઓ.
નાંખી=ફેંકી, લાખી.

પાઠ ૪ થો.

ફરિયાદ=રાવ; અરજ.
એકલા=જાતે; પોતે.
પકડાવી=ઝલાવી,.
મગાવ્યો=બોલાવ્યો.
મહારાજ=મોટા રાજા.
ગભરાઇને=અકળાઇને; ગાભરો થઇને.
હુકમ=ફરમાસ.
કને=પાસે; સોડે.
જવાબ=ઉતર.
દીધો=વાળ્યો.
જુઠો=લબાડ.
સાહેબ=મેહેરબાન.
ફાડીને=ચીરીને.
ફાડશો=ચીરશો.
રીસ=ગુસ્સો; તામસ.

પાઠ ૫ મો.

બુમેબુમ=ઘાંટે ઘાંટા.
ગોવાળીઓ=ગાય ભેંસની ચરાવનાર.
ગોવાળ=ગાયોનું ટોળું; ગોવાળીઓ.
છેવટ=છેલ્લે; આખરે.
ગોવાળણી=ગોવાળીઆની બાયડી.
વાળ્યો=દીધો.
કાડ્યો=બાહારઆણ્યો
નાંખ્યો=ફેંક્યો.
ફુટી=ભાંગી.
કાણો=એક આંખે આંધળો.
આગળ=પાસે.
ખીર=મોળો દુધપાક.
પોળી=પડવાળી પાતળી રોટલી.
બાપા=બેહેન.

પાઠ ૬ ઠો.

તપાવી=ઉની કરી.
પાટલો=લાકડાના પાટીઆનું કરેલું બે-

સવાનું.
લુચ્ચાઈ=ઠગાઈ.
ઠોક્યો=માર્યો; અફા-
ળ્યો; ઝીક્યો.
લાલચોળ=રાતી રાતી;
ધગધગતી.
દોરી=તેડી.
જોડે=સાથે.
લોઢી=લોઢાની તાવી.
ખૂબ=ઘણીજ.
બૂમ=પોકાર ઘાંટો.
ઉઠી=ઉભી થઈ.
દાઝી=બળી મુઈ.
ખોટી=જુઠી; બનાવ-
ટની.
પેઠે=માફક.
વાંક=તકસીર, ગુનો.
ફળ=ફાયદો; હાંસલ.

પાઠ ૭ મો.

બહુ=ઘણું; મસ.
છોડી=છોકરી.
ગાગર=પાણી ભરવા-
નું ઘડા કરતાં મોટું
વાસણ.
ઓસડ=દવા.
ઝેર=વીખ; સોમલ.
સાજી=સારી.
રોજ=હંમેશાં; નિત્ય.
બગાડે=ખરાબ કરે.
લુગડાં=કપડા.
મેલાં=ખરાબ.
ડાહી=શાણી.
ખોટી=ખરાબ; આડી.
માને=કહ્યું કરે.
માંદી=બીમાર; કોહેલી
વધારે=ઘણું=મસ.

પાઠ ૮ મો.

વરસાદ=મેઘ.
ગીત=રાગ કાઢીને ગા
વાનું.
ઘેબરીઓ=ઘેબર નાજે
વો મીઠો.
પ્રસાદ=ખાવાનું.
નેવલે=નેવાંએ.
કારેલું=એક જાતની
તરકારી.
દેડકો=એક જાતનો.
પશુ.
ગાજો=રાગ કાઢીને બો
લજો.
ઉની ઉની=ગરમા ગ-
રમ; તાવીપરથી ઉ-
તરે તેવી.
શાક=તરકારી.
નઠારી=ખરાબ.
તાણી=ખેંચી.
સમજોછો? = જાણો-
છો? ખબર છે?

પાઠ ૯ મો.

એકજ=સરખુ.
જણસ=ચીજ; વસ્તુ.
ટટ્ટુ=નાનો ઘોડો.
પારકો=અતરાપીનો;
બીજા કોઈનો.

પાઠ ૧૦ મો.

પાડું=ભેંસનું બચ્ચું.
જાળવે=સાચવે.
રાતે=દીવા થયા પછી
પટેલ=ગામનો ઉપરી.
નાંખે=નાંખે.
સંભાળ=બરદાસ.
જતન=બાલાસ.
જક્કી=જીદ્દી; મમતી.
વાછરડું=ગાયનુંબચ્ચું.
વાડો=ઘરની પાછળ.

ઢોર બાંધવાની ખુ-
લ્લી જગો.
ચારો=ઉગતું ઘાસ.
માંદુ=બીમાર; આ-
જારી; કાહેલી.
ઓસડવેસડ=દવા અ-
ને તેના ઉપાય.
ચારવાને=ચરાવવાને;
ઉગતું ઘાસ ખાવાને
ખેતર=અનાજ તથા
ઘાસ પાકે તે જગા.
આણે=લાવે.
ઉચકીને=ખાંધપરલ-
ઈને; ઉપાડીને.
સુખ=સુખીઆરાં.

પાઠ ૧૧ મો.

ચેન=મજા; સુખ.
અહીંઆથી=આ ઠે-
કાણેથી.
બંધીખાને=કેદખાને.
ફરાય=ચલાય; હરાય.
વીચાર=મનસુબો.
વાંસે=પાછળ.
નીસરી=નાસી; નીકળી
લાગ=દાવ; તક.

સમજાવ્યું=શીખામ-
ણ દઈને કહ્યું.
છુટું=બાંધ્યા વગર.
મન=મરજી; ઇચ્છા.
મજા=રમુજ; ગમત.
ઘેલું=ગાંડું; અણસ-
મજું.
દુખી=હેરાન.
જક=જીદ; ખાસ.
છોડે=મૂકે; મેલે.

પાઠ ૧૨ મો.

ફાવ્યો=જડ્યો; હાથ
આવ્યો.
અણસમજ=બેસમ-
જ; બીન અક્કલ.
વગડામાં=વનમાં.
કોતર=ગુફા; ખોલ.
સટકીગયું=નાસી ગયું.
ડાહ્યો=શાણો; સમજુ.
ઢોર=ચોપગાં જાનવર.
શુધી=સુધ.
મોડી રાતે=બહુ રાત
ગઇ ત્યારે.
છાનુંમાનું=ચુપચુપ.
ઝાલીને=પકડીને.

અંતે=છેલ્લે; છેવટે.
માનવી=કબુલ કરવી.
ભલું=સારૂં; રૂડું.
પાડોશી=પાસેના ઘર-
માં રેહેનારા.
ડાહ્યા=શાણા; સમજુ.

પાઠ ૧૩ મો.

છેક=ઘણું; બહુ.
વાઘ=ફાડી ખાનારૂં
કાબરચીત્રું જાનવર.
માન્યું=કહ્યું કર્યું; લાગ્યું.
વાસ=રેહેઠાણ.
ચરવાને=ઉગતું ઘાસ
ખાવાને.
પ્રાણ=જીવ; આત્મા.
વનમાં=રાનમાં.
દુખીઉં=હેરાન.
ચિત્ત=મન; ધ્યાન.
અવસ્થા=હાલ; હવાલ
નાઠું=જતું રહ્યું.
મનમાન્યું=મનને ગમે
તેટલું; દિલ લાગ્યું
વળતી=પછી
અજાણ=જાણીતું ન-
હીં તે; (ઓચિંતુ).

(કવિતાની સમજુતી). (૨)

વાડામાં બધાં ઢોર બાંધ્યાં હતાં, તેમાંથી એક પાડું છુટીને છેક આઘું નાસી ગયું; તેને ઘાસ ખાવાનું મન થયું તેથી નાસીને તે જંગલમાં જતું રહ્યું. (૧).

પછી ત્યાં જંગલમાં એક વાઘે તેનો જીવ લીધો, એવું અજાણપણે તે દુખીઉં થયું; જે બધાથી છુટું થવા જાય (બધાના મતથી ઉલટું ચાલે), તેના એવા હાલ સમજવા. (૨).

પાઠ ૧૪ મો.

માટી=મટોડી.
પલાળેછે=ભીનાળેછે.
ચોકણી=ચોંટે એવી.
ઢીકરાના=કાદવના.
ભરવાના=ઘાલવાના.
આધરકે=જમાવે.
જાત=તરેહ; રીત.
ગોરસ=દહીં દૂધનું પાટીઉં-હાંલ્લું.
કોડીઆં=દીવા કરવાનાં માટીનાં પ્યાલા
નરમ=પોચી; સુંવાળી
કામની=ખપની.
ગોળી=પીવાનું પાણી ભરીમૂકવાનામાટલી
બેડું=ગાગર ને ઘડો.
દોહણી=છાશ લાવવાની ઘાડલી-દોચકી.
દાણા=અનાજ; ધાન્ય.

પાઠ ૧૫ મો.

પાળે=કોરે; કોરાણે.
વાગ્યા=ઇજા થઈ.
બગાડ=નુકસાન.
ફેંકવા=નાંખવા.
કાયર=હેરાન.
મંડ્યા=મચ્યાં; લાગ્યાં.
તળાવ=નાનું સરોવર.
પથરે=પથરાથી.
જવાબ=ઉત્તર.
ધડાધડ=જોરથી.
ગરીબ=અનાથ; પશુ.
શા માટે=કેમ? શું કરવા?
રમત=ખેલ; ગમત.
સંભાળીને=સાચવીને
કશોગે=કંઈપણ; જરા

પાઠ ૧૬ મો.

બેનપણી=સહિએર.
નોતરૂં=તેડું; કેહેણ.
ભુંગળી=બળતું કરવાની વાંસની નળી
વેલણ=રોટલી વણવાનું હથિઆર.
તપેલી=પાતેલી.
કડછી=નરમ દાળ લેવાનું પીતળ કે લોઢાનું હથિઆર.

તાસક=ઢાકણું.
વખત=વેળા; સમય.
રાંધુ=રસોઈ કરૂં.
તે વડે=તેણે કરીને.
થાળી=નાનો ખુમચો.
વાડકા=ધાતુનાં ચલાણા.
લાવીને=આણીને.
મૂક્તું=મેલ્યું.

પાઠ ૧૭ મો.

મણા=કસર; ખામી.
ધાણી=શેક્યાથી ફુટેલુ અન્ન. તે જુવાર બાજરી વગેરે.
ખાવાનું=કાચું કોરૂં; શેકેલું તે.
પહુઆ=ભાતને શેકીને ખાંડીબનાવેલાતે.
ભાંડવું=ખરાબબોલવું
ટેવ=આદત; ખો.
લડે=વઢે; કંકાસ કરે.
જરાએ=લગારે.
કજીઆ=કંકાસ; ટંટો.
મૂકાવી=મેલાવી.
લાવીશ=આણીશ.
વેહેલી=જલદી.

પાઠ ૧૮ મો.

છોટીઓ=નાનો ભાઈ.
નાનું=નાદાન; કુમળું.
બાળક=બચ્ચું.
મેલાય=મૂકાય.
દેખાય=જણાય.
ભાણો=ભાણીઓ; કીકલો; (બેહેનનો છોકરો).
આટલી=આવડી.
વારે=વખત; દેર.
રોતો=રડતો.
તેડવા=બોલાવવા.
કામ=ખપ; જરૂર.
હજી=અત્યાર સુધી.
અલી=છોકરીને નામ દીધા વગર બોલાવવું તે.

પાઠ ૧૯ મો.

નિશાળીઆ=નિશાળમાં શીખનારા છોકરા.
કુદાવતી=કુદકારા મારતી.
લાકડી=ડંગોરી.
ભણેલાં=શીખેલાં.
પરિક્ષા=તપાસ.
ઇનામ=સરપાવ; ખુશીથી કંઈ આપવું તે.
સાહેબ=શીનોર; ટોપવાળો.
બાકી=રહેલા.
મેહેતાજી=ગુરૂજી.
જોવા=તપાસવા.

પાઠ ૨૦ મો.

ઉતાવળ=તાકીદ.
અલ્યા=છોકરાને નામ દીધા વગર બોલાવવો તે.
સામટું=એકીવારે.
નીકળ્યો=બાહાર આવ્યો.
ગાગર=ઘડા કરતાં મોટું વાસણ.
મુઠો=બાચકો.
સાંકડું=નાનું.
અટકી=ઘલાઇ.
જણ=માણસ; સખસ
પડતાં મૂક=પાછા નાં-

બ; રેહેવા દે.
ઝટ=જલદી; તુરત.
પેઠે=માફક.
ફેરે=વખતે.
છેલ્લી વારે=આખરે.
લગાર=જરા.
ભણવામાં=શીખવામાં

પાઠ ૨૧ મો.

સાત પુછડીઓ=સાત પુછડીવાળો.
પુછડીઓ=નાનાંપુછડાં
બાંડો=પુછડી કપાઈ ગયલો.
ખીજવું=ચીડવું.
કપાવી=વઢાવી.
હજામ=વાલણ.
ચીડવે=ખીજવે.
બેટા=દીકરા. છોકરા.
ખીજવ્યાથી=ચીડવ્યાથી.
ખીજીએ=ચીડવાઈયે.

પાઠ ૨૨ મો.

કામકાજ=ધંધો રોજગાર.
સાંધા=કટકા.
દરજી=મેરાઈ; સુઈ.
કલમ=લેખણ.
કોદાળી=ચાંચવા જેવું ખોદવાનું હથિયાર.
બિચારો=બાપડો.
ધોબી=લુગડાં ધોનાર.
અક્ષર=હરફ; દસ્કત.
મજુર=વૈતરો;હેલકરી.
બાયડીઓ=બઈરીઓ
સુતર=રૂને કાંતીને લાંબા કાચાદોરાકરેલાતે
મોતી=મુક્તાફળ.
ખપ=જરૂર; કામ.
વાળવા=મરડવા.
વળાય=મરડાય.
કાંતે=રેટીઆવતીલાંબા તાંતણા કરે.

પાઠ ૨૩ મો.

ધ્યાન=ચિત્ત; મન.
પાંસરા=સીધા;પાધરા
ફરો=ચાલો; હરો.
વેળાસર=વખતસર.
માયા=હેત; ચાહેના.
મન=ધ્યાન; ચિત્ત.
વઢવું=લડવું.
ભુલ=ચૂક; ગફલત.
પાડ=ધડો.
ભણવા=શીખવા.
બતાવે=દેખાડે.
કદી=કદાચ; કદાપી.
ખોટું=ખરાબ.
ફરીને=હવે પછી.
છુટી=રજા.

પાઠ ૨૪ મો.

નિત્યે=રોજ; હંમેશ.
નીસરી=નીકળી.
ચિત્ત=ધ્યાન; મન.
રૂડી=સારી.
પેર=રીત; પેઠે.
ગુરૂની=મેહેતાજીની.
ચોડી=લગાડી.
શિક્ષા=શીખામણ.
સમજો=ધ્યાન આપો.
પાંસરૂં=સીધું; પાધરૂં.

(કવિતાની સમજુતી). (૩).

ભાઈઓ તમારે રોજ નિશાળમાં જવું. ને ધ્યાન રાખીને

ભણવું; ને મેહેતાજી આપણા કાયદાની વાત કહે, તે બધાએ સારી રીતે માનવી. (૧).

તમે રમતમાં ચિત્ત નહીં રાખો, ને વાત કહું તે સારીપેઠે સમજજો; નિશાળમાંથી જેવારે છુટી થાય ત્યારે ત્યાંથી નીકળી પાંસરા ઘેર ચાલ્યા જવું. (૨)

પાઠ ૨૫ મો.

વીઆવાની=જણવાની.
ગાડાવાળો=ગાડું હાંકનાર; ગાડી ચલાવનાર.
રોકીને=ઘેરીને.
નીચે હેઠળ.
વિચાર્યું=ધાર્યું
રસ્તો=માર્ગ; વાટ.
ઠેકાણું=જગો; મુકામ.
બિચારો=બાપડો
સારી=મજાની; વાંચવા લાયક.
ગામ=જ્યાં થોડાંક ઘર ની વસ્તી હોય તે.
ઉઠ=ઊભી થા.
મુરખ=બેવકુફ.
ઉઠાડી=ઉભી કરી.

પાઠ ૨૬ મો.

શેરડી = ગળ્યા રસનો સાંઠો.
ટોપલી=વાંસની છાલનો નાનો ટોપલો.
નળીઆં=છાપરા પર ઢાંકવાને સારૂ માટીના બનાવેલા નળના બે ભાગ કરી પકવેલા તે.
કોપરાં=ટોપરાં.
ભીંતો=કાદવનો કરો.
છાયું=બનાવ્યું.
દાણા=અનાજ.
માર્ગ=રસ્તો.
છાપરૂં=ઘરનું ઢાંકણ.
કાઢીને=બહાર આણીને.
ભારો=મોટી ભારી.
કનેથી=પાસેથી.
ધણી=માલીક; શેઠ.
સાંઠા=સાકટા.
ટોપરાં=કોપરાં.
વિઆઇ=જણ્યું.

પાઠ ૨૭ મો.

કમાડ=બારણાં.
ભીંતરડી=ભીંત; કરો.
ઉઘાડશો=ખુલ્લાકરશો
છાયાં=ઢાંક્યાં; કીધાં.
કેરાં=નાં; તણાં.
રખડવા=રઝળવા.
બારણાં=કમાડ.
આડું=ઊંધું; વાંકું.
વાશીને=દઇને.
વલે=હાલ; હવાલ.
ચરવા=ચારો ખાવા.
આમ=આવી રીતે.
ઉઘાડો=ખુલ્લા કરો.

પાઠ ૨૮ મો.

અમથી=ખોટી; જુઠી.
બાહાર=બારેણે, (ઘર થી વેગળું)
આડું=ઊંધી સમજનું.
આવડતું=જાણતું.
રઝળતા=રખડતા.
સુખી=સુખીઆરૂં.
જોડેલી=બનાવેલી.
ખરી=સાચી.
બનેલી=થયલી.
સમજ=અક્કલ.
દુઃખ=વીપત; આપદા.

પાઠ ૨૯ મો.

રોતો=રડતો.
સવારમાં=વાહાણામાં
નહોર=નખોરીઆં.
પેહોળું=ઉઘાડું.
ચોપડ્યા=લગાડ્યા.
તાણતો=ખેંચતો.
ભેંકડો=મોટે સાદે રડવું તે.
લાહે=આગ; અગન.
સરખી=બરાબર.
બળવા=અગન ઉઠવા.
મટી=જતી રહી.
મૂકી=મેલી; છોડી.

પાઠ ૩૦ મો.

તાંબુ } ધાતુનાં નામ.
પીતળ }
તાંબાકુંડીઓ= પાણી ભરી રાખવાનું બે કડાવાળું વાસણ.
ચોળાસપર=સગડી ઉપર.
અથડાય=અફળાય.
માંજેલાં = અજવાળેલાં; ચોખ્ખાં કરેલાં
સાચવવાં=સંભાળવા.
ગરમા=રાંધેલું ઢાંકી મુકવાને મોટા વાડકા જેવાં વાસણ.
ગોબાય=ખાડા પડે.
ચળકતાં=ઝળકતાં.
લાલ=રાતાં.
કથરોટ=થાળી જેવું. છાછરૂં પણ તેથી મોટું કોરણવાળું.
વાસણ.
લોટા=કળશીઆ.
જણાયછે=દેખાયછે.
તપેલા=પાતેલા.
લોટીઓ=કળશીઓ.
કાંસુ=એક જાતની બરડ ધાતુ.
ભોંય=જમીન.
કદાસ=કોઈ વખત.
ફુટી=ભાગી.

પાઠ ૩૧ મો.

નાનીશી=નાનાસરખી; નાની કેમ.
પોતડી=ધોતડી.
પિછોડી=ખાંધે નાંખવાનું લુગડું.
હીરકોરી=રેશમની કોરની.
હલકી=થોડી કિમ્મતની; (થોડા વજનની.)
જામદાની=એક જાતનું ઝીણું બુટીદાર લુગડું.
ફાટેલી=ચીરાયલી.

અંગરખી= નાની દ-ગલી.
દીકરો=છોકરો.
ગરીબ=પૈસા વગરનો.
ધોતી=ધોતડી.
ખભે=ખાંધ ઉપર.
નામાં=નામ.
શીખીશ ભણીશ.
માટે=કાજે; વાસ્તે.

પાઠ ૩૨ મો.

વાગોળવું=ખાધું હોય તે પાછું મોમાં લાવી ચાવવું.
માખણ=છાશ ઉપરની તરી.
ખરીઓ=પગનાં તળીઆનો કઠણ ભાગ.
હલાવે=હીલવે.
ફાટ=ચીરો.
ભાવે=સ્વાદ લાગે.
બએ=બે.
ચરેછે=ઘાસ ખાય છે.
ચાવવું=દાંતે વતી ભચરડવું; ઘોળવું.
ઘી=માખણને તાવીને બનાવેલું તે.
શી શી=કઈ કઈ. ?
મથાળે=ઉપર; ઉપલા ભાગ પર.
ગોધો=સાંઢ; આખલો.

પાઠ ૩૩ મો.

ગુણ=ફાયદો; ખુબી.
આધાર=આશરો.
અગણિત=ગણાયનહી તેટલા; (ઘણાજ.)
પશુ=ચોપગાં જાનવર.
ખાંતે=ખુશીથી.
જન=માણસ.
જન્મતી=અવતરતી.
પંખી=પાંખવાળા પશુ.
નર=માટીડો; ભાયડો.
સુખદાતા=સુખ આપનાર.
નાર=બાયડી;બઈરી.
દેછે=આપેછે.
ઘણું કરી=સો વસા.

(કવિતાની સમજુતી). (૪).

ગાયમાં ખુબી ઘણી છે, ને તે બધાને સુખ આપનારી કેહેવાય છે; વળી તે દહી દુધ ઘી સો આપેછે, ને તે બધા માણસો ખુશીથી ખાયછે. (૧).

પશુ, પક્ષી, ભાયડા, ને બાયડી બધાને જન્મ થતીવખત જુઓતો ઘણુંકરીને ઘીને દુધ એજ જીવને આધાર આપેછે(૨)

પાઠ ૩૪ મો.

દુધપાક=દુધમાં ચોખા ખાંડ નાંખી રાંધીને કરેલો પાક.
ચાસણી= ઉનું કરી ચિકાશ લાવવો તે.
બુરૂં=ધોએલી ખાંડ.
ઠારે=ઠંડકથી કઠણ કરે
વલોવે=બે હાથે ઘોળે.
માવો=દૂધને બાળીને લોચા જેવું કરેલું તે.
ખડબાં=ઢેખલાં; ગઠા.
તાવીને=ઉનું કરીને.
પેંડા=માવામાં ખાંડ નાંખી ગોળી વાળેલી તે.
જામીજાય = બંધાઈ જાય.
લોચો=લોંદો; લપકો.
રાંધીને=બાફીને.
ભેળીને=ભેળવીને.
ખટાશ=ખાટી ચીજ.

પાઠ ૩૫ મો.

જુઠો=લબાડ માણસ
લેખણ=કલમ.
સંતાડીને=છુપાવીને.
છાનામાના=કોઈ નહીં જાણે તેમ.
પડેલી=પડી ગયલી.
માન્યું=કબૂલ કર્યું.
ટેવ=આદત; ખો.
વેળા=વખત.
પાઈ=પઈ.
દીઠી=જોઈ.
ખોટી=ખરાબ; નઠારી.

પાઠ ૩૬ મો.

પાવલી=ચાર આનાનો સરકારી છાપનો રૂપાનો શિક્કો.
માનવું=કબૂલ કરવું.
ચોરી=છાનામાના લીધી; (કંઈ ચીજ છુપી રીતે લેવી તે.)
કાગળ=તાવ.
લટકાવી=ટીંગાવી.
કોટ=ડોક; ગળું.
ફજેતી=ગેરઆબરૂ.
છાનું છાનું=ચુપચુપ; કોઈ નહીં જાણે તેમ.
પકડાઈ=ઝલાઈ.
ચોટી=ચોટાડી.

પાઠ ૩૭ મો.

દીકરાની=છોકરાની.
વાળુ=રાતનું ભોજન.
વઢવું=લડવું.
પહેલાં=આગાઉ.
શરમાયો=લજવાયો.
સોંપ્યો=હવાલે કર્યો,તપાસી આપ્યો.
હવાલ=હાલ.
તેડાવીને=બોલાવીને.
વાત=હકીકત; બીના.

પાઠ ૩૮ મો.

જુઠ=જુઠી વાત.
સાચ=સાચી વાત.
કદી=કોઈ વખત.
ઉપાય=ઇલાજ.
પાપી=દુષ્ટ; નઠારો.
સ્નેહ=હેત; પ્રીત.
દેહ=શરીર; કાયા.
રાચે=ખુશી થાય.
શોભે=સારી દેખાય.
જગપતિ=જગતનો

બનાવનાર ઈશ્વર. | પુરો=બરાબર. | સુખ=ચેન; મજા.

(કવિતાની સમજુતી). (૫).

જે માણસ જુઠું બોલેછે, તે બરાબર પાપી થાય છે, તે માટે નાહાના છોકરાઓ એવું કામ તમે કરો નહિ. (૧).

સાચું બોલવામાં ઘણું સુખ છે, સાચાથી બધાનું હેત વાહાલ વધેછે, તેમ સાચાથી જગતનો બનાવનાર જે ઈશ્વર તે પણ ખુશી થાય છે, ને તેથી આપણું શરીર પણ સારૂ દેખાય છે. (૨).

પાઠ ૩૯ મો.

મેવા=દરાખ, ચારોળી, પસ્તા, બદામ; તેમજ જાંબુ, કેરી, જમરૂખ વગેરે ફળ.
ગાંધીની=નેસ્તીની.
બદામ=એક જાતનો ઠળીઆવાળો મેવા
દુકાન=બજારમાં માલ વેચવાનું ઠેકાણું.
ઓળખીતો= પીછાનવાળો; જાણીતો.
દરાખ=લીલો મેવા.
કાજુ=મેવાનું નામ.
વાટી=કોપરાનાં ગોટાનું અડધીયું.
મગફળી=મગની શીંગ; (વીલાતીશીંગ).
ખજુર=ખજુરીનું ફળ.
મામા=માના ભાઈ.
ચારોળી=મેવાનું નામ.
બતાવી=દેખાડી.
ભાણીઆ=ભાણા.
ખારેક=સુકાયલું ખજુર.

પાઠ ૪૦ મો.

વાર= અઠવાડીઆનો દિવસ; વખત.
ચંદ્રમા=ચાંદ; ચાંદો.
ઘણાખરા=ઘણાએક
સરસ્વતી=ભણતર; સારદા; વિદ્યા.
દિવસ=દાહાડા.
વિદ્યા=ભણતર.
રવિવાર=સુરજનોવાર.
સોમવાર= ચંદ્રમાનો વાર.
કેડે=પછી; પુંઠે.
ગુરૂ=બ્રેસ્પતવાર.
મૂકેછે=બેસાડેછે.
સરખા=બરાબર.
ચાલ=રીત; ધારો.

પાઠ ૪૧ મો.

જબરી=જોરાવર.
વાહાણામાં=સવારમાં.
માંસ=ગોસ.
ચચ્ચાર=ચાર ચાર.
કીડા=લાંબા જીવડા.
કુદતા=ઠેકડા મારતાં.
ડોલતો=ધુણતો; લેહેકાતો.
જનાવર=જાનવર; પશુ.
સાંજ=દીવા બત્તીનો વખત; સંધ્યાકાળ
લાંઠ=લુચ્ચા.
માળો=પક્ષીનું રેહેઠાણ
અનાજ=દાણા.
મુએલાં=મરીગયલાં.
ફોડ=ફોલી; ભાગી.
નસાડે=હાંકી મૂકે.

પાઠ ૪૨ મો.

ભાળો=જાુઓ.
કાગ=કાગડો.
પાંખાળો=પાંખવાળો.
રાગ=ગાવાનો સોર.
રૂપાળો=સારો; શોભિતો.
ચોપે=ઉતાવળા થઈને
ચાહે=ઇચ્છે; માગે.
હણવા=મારવા.
જલદી=તુરત; ઝટ.
ચતુર=ડાહ્યો.
કાય=કાંઈ.
ચેતી=જાણી; સમજી

(કવિતાની સમજુતી). (૬).

સાંજે જઈ સુવા સારૂ માળો બાંધવા બેઠા, એવા એક કાગડાને જોયો; તે એ પાંખવાળો બોલતો હતો, પણ તેનો રાગ સારો નહિ હતો. (૧).

કોઇ માણસ હાથમાં કાંકરો લઇને, તેને ચુપકીથી તાકીને મારવાનું કરે, તો તે ચંચળ જાત મનમાં જાણીને તુરત ઉડી જાયછે. (૨).

પાઠ ૪૩ મો.

સગાં=સગા વાહાલા.
પીતરાઇ=કાકાના વંશના; કુટુંબી.
સાળીઓ=વહુની બેનો
મોળાઈ=મોસાળ તરફના.
બનેવી=બેહેનનો વર.
ભત્રીજો=ભાઇનો છોકરો.
માસો=માસીનો વર.
ભાણેજ=બેહેનનો છોકરો.
ફુઓ=ફોઇનો વર.
વર=માંટી; ભરથાર.
વહુ=બાયડી
સાળો=વહુનો ભાઈ.

પાઠ ૪૪ મો.

જમાઇ=છોકરીનો વર.
સંપ સંપીને=હળી મ-
ળીને.
સાવકાં=બાપ એક ને
મા જુદી તે; ઓર
માઈ.
વેવાહી=છોકરી કે છોક
રાનો સસરો.
ઓરમાઈ=સાવકો.
વેવાણ=છોકરી કે છોક
રાની સાસુ.
સગાં=એક મા તથા
એકજ બાપનાપેટના
દુધભાઈ=આંગળીઆ
ત; કોઠાઈ.
બનતું=હળી મળીને
રેહેવાતું.
દીકરી=છોકરી.
વરવહુ=માટીબઈએર.

પાઠ ૪૫ મો.

કાપડ=કપડ; લૂગડાં.
ચૌટું=મોટું બજાર.
ફડાવ્યું=ચીરાવ્યું.
ખાદી=એક જાતનુંજા
ડું કપડું.
દોશીવાણીઓ=કાપડી
ઓ; લૂગડાં વેચ-
નારો.
વાણોતર=ગુમાસ્તો.
બાસતો=એક જાતનું
કપડું.
સેલું=કસબના છેડા
વાળું લુગડું.
હાટ=બજાર; દુકાન.
જાજમ=બીછાવવાનું
સારૂ ઉચું પાથરણું.
કાજે=વાસ્તે.

પાઠ ૪૬ મો.

મહિના=૩૦ દાહાડાની
મુદત.
દીવાળી=વર્ષનો છેલ્લો
દહાડો; (આસોવદ
અમાસનો દિવસ.)
રામનવમી=રામજીનો
જન્મદિવસ.(ચૈત્રસુદ
નોમનો દહાડો).
શિયાળો=ટાઢની મો-
સમ.
ઉતરાણ=મકરશંક્રાતિ.
અખાત્રીજ=તેહેવાર
નો દિવસ; વૈશાખ સુ
દ ત્રીજનો દાહાડો.
ઉનાળો=તાપની મો-
સમ.
વસંત=રાગનું નામ;ર
તુનું નામ.
વરસ=શાલ; (બાર મ
હિના).
ટાઢ=ઠંડ; હીમ.
પર્વ=તેહેવાર; ટાણું.
દેવદીવાળી=ઠાકોરજી-
ની દીવાળી;(કારતગ
સુદ ૧૧નો દિવસ.)
ત્યારકેડે=ત્યાર પછી.
વસંતપંચમી=વસંતરતુ
બેસવાનો દિવસ (મ
હા સુદ પાંચેમ)

પાઠ ૪૭ મો.

ચોમાસુ=વરસાદની મો
સમ;(જેઠ, અખાડ,
શ્રાવણ ને ભાધર-
વો એટલા ચાર
મહિના).
પચુસણ=શ્રાવક લોકો-
ના તેહેવારો; (આ-

વણ વદ ૧૧ થી ભાધરવા સુદ ૪ સુધી).
ગોકળ આઠેમ=શ્રી કૃષ્ણનો જન્મ દિવસ; (શ્રાવણ વદ ૮).
શ્રાવણ=હિંદુના વરસનો ૧૦મો મહિનો.
પખવાડીઉં= પંદરવાડીઉં; (પંદર દહાડાની મુદત.)
ગણપતી ચોથ=ગણપતીનો જન્મ દિવસ; ઢગરા ચોથ; (ભાધરવા સુદ ૪)

વરસાદ=મેઘ; મેહ.
સરાધિઆ= મુએલાંની ક્રિયા કરવાના તેહેવારો. (ભાધરવા સુદ પુનેમથી ભાધરવા વદ અમાસ સુધીના ૧૬ દહાડા).
તિથિ=રોજ, મીતી.
ઉતરતા=પુરો થતાં.
દશરા=વિજય દશમી; (આસો સુદ દસેમ).
દીવાસો=મોટો તેહેવાર તે સો પરબનો માસો, એ દિવસથી બધાં તેહેવારો શીરૂ થાય છે, (અસાડ વદ અમાસનો દિવસ.
મેળા=તમાશા.

પાઠ ૪૮ મો.

વાજાં=રાગ કાઢવાનાં યંત્રો.
વરઘોડો=વર પરણવા જતી વખતનો વાજાં; ઢોલ સાથેનો રસાલો.
દેવળ=દેરૂં, મંદીર.
નાદ=અવાજ.
સરણાઈ=પીપી.
તતુડાં=રણશીંગડા.
ઝાંઝ=તાસાં; કીરતાલ.
નગારાં=ઢોલ.
ઝમકારો=રણકો.
ભુંગળ=લાંબુ વાજું.
કુંડાળું=ચકરડું.
ઘડીઆળ=વખત જણવાનો સાંચો.
પખાજ=મરદંગ;
વાહવા=ઓહો !
ઢોલ=મોટું નગારૂં.
સાદ=અવાજ.

પાઠ ૪૯ મો.

જન્મગાંઠ=વરસગાંઠ; જન્મ દિવસ.
વરસગાંઠ=શાલગીરી; જન્મ તિથિ;જન્મ દિવસ.
રાઈતાં=દંહીમાં કેળા, દુધી, ચીભડાં, વગેરે સમારીને નાંખી લચકા જેવું કરી મેળવેલું.
બીડાં=પાનની બીડી.
પાન સોપારી=તંબોળ ને ફોફળ.
કંસાર=મોટી લાપસી.
અડાડ્યો=અડકાડ્યો
કઢી=છાશને ઉકાળીને માંહે મીઠું મરચું ને અળધ નાંખેલીતે.
જમવાનું=જમણ; ભો

જન.
મજત=સેહેજત.
તેડ્યો=બોલાવ્યો.
મંડ્યો=મચ્યો.

પાઠ ૫૦ મો.

ચોખ્ખાઈ=સુઘડાઈ.
ઉતારવી=સોરીકાઢવી.
સાબુ=મેલ કાઢનારી ચીજ.
દાતણ=બાવળ કે બાવળના સોટીનો કકડો
શરીર=ડીલ; અંગ.
ગુમડાં=મોટા ફોલ્લા.
ઉલ=મોઢામાંનું વાસ મારતું વાસી થુંક.
ફિકર=ચિંતા.
ફોડા=સળો; ફોલ્લા.
ગંધાય=વાસ મારે.
ચસવા=ચોળવા.
જુએ=માથામાં કીડીના જેવા ઝીણા જીવડા પડેછે તે.
મસળવું=ચોળવું.
ગંદા=ગોજા.
સાજાં=સારાં, સુખી.
ચોખ્ખું=સાફ; સ્વચ્છ.

પાઠ ૫૧ મો.

ઉપણે=વા દઈ કસતર કાઢે; ઝાટકે.
તાપ=ગરમી.
લુંએ=લાંદો; લચકો.
પાકવું=નીપજવું; થવું.
ઉથલાવીને=ફેરવીને.
કલેડું=ઠીકરાની તાવી.
લોઢી=લોઢાની તાવી.
એડવું=જમીન પોચી પાડવી.
શેકવું=ખરૂં કરવું.
થાપેછે=રોપેછે.
ઉગી=ફુટી.
કાચું=રાંધ્યા વગરનું.
લોટ=આટો.
ઘડેછે=ટીપેછે.
મેર=બાજુ; તરફ.
લાલ=રંગીલા; રંગલા.

((કવિતાની સમજુતી). (૭).

દુધને રોટલો (દુધમાં રોટલો ચોળીને),ને દહીંનેભાત(દહીં માં ભાત નાંખીને), વળી લાડવાને વાલ મારાલાલખાઈજાઓ.

પાઠ ૫૨ મો.

ભલો=સારો.
ઢીમણું=ઢીમું; ઢેકો.
હીંચકા=ઝોલા.
ગભરાવું=અકળાવું.
કોણી=હાથનું ઢીચણ.
વારો=વખત.
બઝાડીને=વળગાડીને
ખસેડ્યા=આઘા કર્યા.
ધરાવું=પેટ ભરીને ખાવું; તરપત થવું.
આઘો=દૂર; વેગળો.
સામું=તરફ.
દયા=મેહેર; રેહેમ.
હીંચતા=હીંચકા ખાતા.
વેગળા=આઘા; દૂર.
પેટભરીને=ધરાઈને.

પાઠ ૫૩ મો.

કાતરી=કરડી.
લોક=માણસો.

સંતાઈ=છુપાઈ; ભ-
રાઈ.
ચંચળ=હોંશીઆર.
તરત=જલદી; ઝટ.
સર્વે=સઘળા; બધા.
ફૂંકતો=ફૂંક મારતો.
ખુણેખોચરે=દરમાં.
ભોંય=જમીન; ધરતી.
દીઠામાં=જોવામાં.
જબરા=જોરાવર.

ઝાલવા=પકડવા.
કશું=કંઈપણ; જરા.

પાઠ ૫૪ મો.

રંજાડ=તોફાન.
દીવટ=જોત; બત્તી.
ધાડ=લુટારાનીટોળી.
કપડાં=લુગડાં.
ખાસાં=મજાનાં.
ઉપાય=ઈલાજ.

મની=બિલાડી; મં-
જારી.
પાર=છેડો.
વધ્યા=વધી ગયા.
પકડ્યા=ઝાલ્યા.
માંડે=મચાવે.
ધડબડ= ગડબડાટ
કરતી.
કરડી=કાતરી.
મહા=મોટું; ઘણું.

(કવિતાની સમજુતી). (૮).

ઉંદરો હારબંધ વધી ગયા, તેમાં કેટલાક ઝાલ્યા પણ પાર આવ્યો નહીં; જેમ લૂટારાની ટોળી કેમ આવે તેમ તેઓ રાતે તોફાન મચાવી રેહેછે. (૧).

તેઓ મજાનાં કીમતી લુગડાં કરડી ખાયછે, ને દીવાની દીવટ લઈ જાયછે; એને પકડવાનો એકુ ઉપાય નથી, પણજો બિલાડી મળે તો મોટું સુખ થાય (તે ઉંદરને પકડી લે.) (૨).

પાઠ ૫૫ મો.

પાંદડાં=પાંતરાં.
સાંભરેછે=યાદ આવે
છે ?
બાપડી=બીચારી.
ઓઢવું=શરીરપર ઢાં-
કવું.

વાળ=બાલ; નીમાળા.
ભલી=વીસરી.
ભુલશો=વીસરશો.
ડોલ=શરીર; અંગ.

પાઠ ૫૬ મો.

આંચળ=થાન; ધાઈ
ધાવણાં=નાનાં; દુધ
પીતાં.
જોર=બળ; શકિત.
કરડવા=બચકુંભરવા.
વગર=વિના; શિવાય.
આખલો=ગોધો.
એટલામાટે=એને વા-
સ્તે.

કર્યાં=બનાવ્યાં.

પાઠ ૫૭ મો.

ઝાડપાલો= ઝાડનાં ઝીણાં પાંતરાં તથા છોડ વગેરે.

કૂવા=ઊંડો ખોદી કાઢેલા વહેતો ઝરો.

નદીઓ=મીઠા પાણીનો વોધ પર્વતમાંથી નીકળેલો ત.

વાવ=પગથીઆવાળો પોહોળો ઉતરવાનો કુવો.

મોળુ=મોળાસ પડતું.

મીઠુ=નીમક; (મીઠાસ વાળુ)-

ખારૂં=મીઠાના સ્વાદ જેવું.

જીવેછે=ટટાર રેહેછે.

ભરેલા=ભરપૂર.

જોઇએ તેટલું=કામ જોગ; ખપ જેટલું.

પાઠ ૫૮ મો.

લપોટી=લાખની ગોળી; મંજી.

ઠરે=સાબીત થાય.

છાનોમાનો=ચુપચુપ.

ગમે=સારૂ લાગે.

ચોરવું=કંઈ ચીજ છાનામાના લેવી તે.

ભુલી ગયો= વીસરી ગયો.

પાઠ ૫૯ મો.

મહીપતી=રાજા.

પસ્તાય=દલગીર થાય.

પાછળથી=પછવાડેથી

ચાહન=ખુલ્લી જાહેર.

ઝલાય= પકડાય.

નર=માણસ.

સમજી=જાણી.

બાંધીમારે= ફટકાનો માર મારે.

(કવિતાની સમજુતી). (૯).

ચોરીમાં સુખ સમજીને જે માણસ કોઇને ત્યાં ચોરી કરીને આવે; તે પછી ચોરીથી થતું દુઃખ જ્યારે જુવેછે, ત્યારે મનમાં ઘણો અફસસો કરવા માંડેછે. (૧).

જ્યારે ચોર ઝલાયછે, ત્યારે ચોરી ઉઘાડી થાયછે, પછી રાજા કે હાકેમ તેને બાંધીને ફટકાનો માર મારેછે, ત્યારેતેની છેક બેહુરમત થાયછે (આબરૂ જતી રેહેછે.) (૨).

પાઠ ૬૦ મો.

આંગણું=બારણું;બારણાની આગળની જગો તે.

અજવાળુ=ઉજાશ.

પરશાળ= પેહેલાખંડ.

ની ભોંય તળીઆ જમીન.

પછીત= પછવાડેની

ભીંત.
ચોક=ખાળ.
ઓટલો=ઘરના આંગણાં આગળ ઊંચી બેસવાની જગો કરેલી તે; મોટી ઓટલી.
છીંડી=ખડકી; વાડો.
કરા=દીવાલ; ભીંત.
મેડો=માળ.
અગાશી=ધાબું.
ઓરડો=મોટી કોટડી.
સાંભળો=ધ્યાનમાં લેઓ.
ઉઘાડી=ખુલ્લી.
કરેલી=બનાવેલી.

પાઠ ૨૧ મો.

રસોડું=રાંધણી.
અંધારૂં=ઉજાસ નહિ તે.
બારી=માળ ઉપરના ભડાનાં બારણાં.
ગોખલા=નાનાં હાટડાં.
ભંડારીઆ=હાટડાં.
રસોઇ=રાંધવાનું.
ધુમાડીઉં=ધુમાડો જવાનો રસ્તો કાઢેલો તે; ચીમની.
તાકા=મોટા ગોખલા.
પાણીઆરૂં=પાણીનાં બેડાં મૂકવાની ઓટલી.
ધુમાડો=ધુણી.
ચોકડી=મોટો ખાળ.
તાળું=પેટી બંધ કરવાનું હથિઆર.
ટાંકાં=વરસાદનું પાણી ભરી મકવાના છો બંધ ઊંડા કુવા.
ગોટાય=ઘેરાય.
છો=મરડીઆ કાંકરાને ભઠીમાં પકવેલા તે.

દાદર=લાકડાના પાટીઆની સીડી.
ઓટલી=નાનો ઓટલો.
જાળી=સળીઆ જડેલી નાની બારી.
ઝીલવું=પડતું ઝાલવું.
નીસરણી=વાંસ કે વળીનો દાદર.
ગામડું=નાનું ગામ.

પાઠ ૨૨ મો.

કુકડી=મરઘી.
ખડખડે=અફળાએ.
વહાણું=સહવાર.
છેડવું=અડકવું.
દીપે=સારો દેખાય.
માંજર=માથા પરની લટકતી ચામડી.
ભાત ભાતના=જાત જાતના
સેવે=સાચવે.
ઉકરડા=ખાતરવાળી જગો.
બાકુણું=નરમ; પોચો
ધંધો=રોજગાર.
ખોતરવાનો=ખણવાનો; ખોદવાનો.
ધસવું=આગળ દોડી આવવું.
વળગવું=ગાઝવું.
જાળવે છે=સાચવે છે.
કાયર=હેરાન; દુખી.
કુકડો=મરઘો.

રૂપાળો=શોભિતો.
કુકડુકુક=મરઘાનું બોલવું-વાસવું.
વળગેછે=બાઝેછે.

પાઠ ૬૩ મો.

સાપ=ઝેરી જાનવર.
ગણતો=પત કરતો.
વેર=દુશ્મનાઈ; ખાર.
જીવ=પ્રાણ; આત્મા.
ચગદી=છુંદી કચડી.
લગારેક=જરા.
નાગ=ફેણાવાળોસાપ.
નબળા=કમજોર.
છેલ્લીવારે=આખરે.
ચટકા=ડંખ.
છોલાયું=સોરાયું.
ફેણ=સાપ તથા નાગ માથું પોહોળું કરેચ તે.
દર=બાકું; કાણું.
પછાડી=ઝીકી; અફાળી.
ભેગી=એકઠી.
ઝાઝા=ઘણા; બહુ.

(કવિતાની સમજુતી). (૧૦).

નબળા પણ ઘણા લોકની સાથે કોઈપણ દાહાડો અદાવત રાખવી નહિ, કેમકે મોટા કાળા નાગનો કીડીઓ તે બધી એકઠી થઈને આવી રીતે જીવ લેછે, (જુઓ કીડીઓ નબળી પણ ઘણી, અને સાપ જબરો પણ એક).

પાઠ ૬૪ મો.

છોડવા=નાના છોડ.
મૂળીઆં=મૂળ; જડ.
વાટ=રસ્તો; રાહ.
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ.
જીવે=ટટાર રહે.
ઓગળે=પીગળે.
ડાળાં=ઝાડની મોટી શાખા.
વેહ=કાણું; છિદ્ર.
વાદળ=આકાશ.
કસ=રસ; તત્વ.
ફળ=લીલો મેવો.
ચરી=વણી.
પથરાય=ફેલાય.
વેલો=જમીનપર પથરાતો છોડ.
આંબો=કેરીનું ઝાડ.
છોડ=છોડવો.
કોહોળું=તરકારીનું નામ; શાકનું નામ.

પાઠ ૬૫ મો.

લીલાં=ખુબસુરતાં.
કચરો=મેલ.
કરમાઈ=ચમળાઈ.
સુકાવું=કરમાઈ જવું.
સીંચીએ=રેડીએ.
ટટાર=સીધા; પાધરા.
છાંટવું=છંકોટવું; રેડવું.
તાજાં=લીલાં.
વરસતો=પડતો.

મસ=ઘણી; બહુ.
લૂલા=મુડદાલ.

પાઠ ૬૬ મો.

રીસાલ=તામસી.
રીસાયો=ગુસ્સે થયો.
ચેન=સુખ; મજા.
પીરસેલી=ખાવાનું મુકી તૈયાર કરેલી.
મુદ્દલ=જરાએ.
મેળો=તમાસો.
વેદના=દુઃખ પીડા.
ભાણું=ભાઈ બેહેનના છોકરા છૈયાં.
માલ=જીવ; વાસાત.
પુણે=લાગે; શાલે.
વીંછી=ઝેરી જીવડો.
ખોટું=માઠું; ખરાબ.

પાઠ ૬૭ મો.

તણખલાં=તંખલાં.
ઈંડાં=બેદાં.
રૂ=કપાસમાંથી કપાસીઆ કાઢી નાંખી જે રેહેલું તે.
વસ્તુ=ચીજ.
આખું=બધું સઘળું.
ચીંચીં=ચીચીઆરી.
રઝળીને=રખડીને.
ધીમેધીમે=હળવે હળવે; આસ્તે.

પાઠ ૬૮ મો.

પાલો=ઝીણાં પાંતરાં.
ઝાંઝવા=ઘણા તેજથી આંખે ન સુઝે તે; અંધારાં.
ગરમી=તાપ.
તેજ=પ્રકાશ; નુર.
નીપજવું=પાકવું; થવું.
ધાન્ય=અનાજ; દાણો.
સર્વે=સઘળા; બધા.
ઓછું=થોડું; કમી.

પાઠ ૬૯ મો.

બગાડ=નુકસાન.
ગભરાઇ=અકળાઈ.
ધાજો=મદદે આવજો.
છેતરવું=ઠગવું.
સીમમાં=ખેતરમાં; ગામની હદમાં
આસપાસ=આજુબાજુ; ચોતરફ.
ખેતરવાળા=ખેતરના.
માલીક=ખેડુતો.
ખેડુત=ખેતીકરનાર.
ચારતો=ચરાવતો.
અમથી=ખોટી; જુઠી.
હસવા=મજાક કરવા.
શરમાઈ=લજવાઈ.
ખરેખરો=સાચો.
સાચી=ખરી.

પાઠ ૭૦ મો.

ઘુરકવું=ગુસ્સાથી જોવું.
લોહીલોહાણ=લોહીઆળ; લોહી નીગળતા.
પામીએ=ખમીએ.
બચકાં=ડાકાં; કરડવું તે
ભસવું=કુતરાનું બોલવું
તૂટીપડવું=એકદમ વળગી પડવું–ધસારો કરવો.
ગરીબ=રાંક; અનાથ.
સોબત=સંગત.
બાપડો=બીચારો.
ભૂંડા=ખરાબ; નઠારા.

પાઠ ૭૧ મો.

પજવીએ=કાયર કરીએ; દુઃખ દઈએ.
હળીમળીને=સંપ સંપીને; એક દીલથી.
ઉગામીએ=ઉડાવીએ
દુખાય=દલગીર થાય.
માંહોમાંહે=એક બીજા; અરસ પરસ.
રાજીથવું=ખુશી થવું.
હેત=પ્યાર; ચાહેના.
રીસાઈએ=ગુસ્સે થઈએ.
વહેંચી=ભાગ પાડો.
સંપસંપીને=હળીમળીને.

પાઠ ૭૨ મો.

ઝગઝગાટ=ચળકાટ.
પૃથ્વી=દુનિઆ.
વાહાલો=પ્યારો.
ઘોર=બીયામણું; અંધારૂં.
ગગન=આકાશ.
ઉંચો=દુર; ઉપર.
પરમેશ્વર=મોટો ઈશ્વર.
ચળકતી=ઝળકતી.
જીવાત=રેહેવાત.

પાઠ ૭૩ મો.

મહિમા=લીલા; રચના.
કરનાર=બનાવનાર.
આમલી=એક જાતનું ઝાડ અને તેનું ફળ.
જગ=જગત; પ્રથ્વી.
કોઠી=કોઠાનું ઝાડ.
સરજનાર=પેદા કરનાર
તારા=ચાંદરણી
ભજવા=ભકિત કરવા.
દેવ=પરમેશ્વર; ઈશ્વર.
તાડ=તાડીનું ઝાડ.

(કવિતાની સમજુતી). (૧૧.)

તમે ભાઈઓ આ મોટા ઝાડ જુઓ, એમાં સૌથી તાડનું ઝાડ ઉંચુંછે; કોઇ આમલી કોઈ આંબો ને કોઇ કોઠીનું ઝાડ પણ હોયછે, ને જુઓ ક તે બધાનાં ફળ જુદાં હોયછે. (૧)

જે આ જગતનો બનાવનાર ઇશ્વરછે તે સૂરજ તારાનો પેદા કરનાર છે, માટે એજ હમારો મોટો દેવછે, તેને ભજવાની ટેવ રાખીએ. (૨),

પાઠ ૭૪ મો.

નિશાળ=વિદ્યા ભણવાનું ઠેકાણું.
રંગીત=રંગીલા; રંગીન.
વતરણું=લાકડાની કલમ.
તૈયાર=તરત કામમાં આવે એવું.
સો=દસ દસકા.
એકડે એક=એકની સંખ્યા.
સ્લેટ=પથ્થર પાટી.

પોતીઆં=ધોતીઆં.
મોઢે=મોંથી ભણી જતાં.
ખડી=ચીકણી ધોળી માટી.
પાટી=સફેતો કે ધુળથી લખવાનું નાનું પાટીઉં.
ધુળ=રજ.
ફિકર=ચિંતા.
મંગાવીએ=અણાવિએ
જાળવીને=સાચવીને.
મંજાવીને=સાફ કરાવીને.

પાઠ ૭૫ મો.

ચીતારો=છબીપાડનારો; ચીતરનારો.
હિરાકસી=એકજાતનો કાળો રંગ બનાવવાનું વસાણું.
ચડાવતો=ચોપડતો
ભાઇબંધ=દોસ્તદાર.
શાહી=રૂશનાઇ.
હરડાંબેડાં=એક જાતનાં ઝાડનાં ફળ.

હસેછે=મજાક કરેછે.
ભટ=મહારાજ; બ્રાહ્મણ.
ભૂકો=ચૂગદો.

પાઠ ૭૬ મો.

ધનતેરસ=ધનપુજવાની મોટી તેરસ.
બાજુબંધ=કોણીનું ઘરેણું.
છવીટીઆં=પગના આંગળાનું રૂપાનું ઘરેણું
સાંકળા=હાથ તથા પગનું ઘરેણું.
પોંચી=હાથના કાંડાનું ઘરેણું.
કંદોરો=કેડનું ઘરેણું.
બેરખી=કોણીનું ઘરેણું.
ચોકડાં=કાનની લાલીનું ઘરેણાં.
બા[illegible]=પટ.
[illegible]=સાંજો; દાગીના.
અકોટી=કાનનું ઘરેણું.

તુસીપાટીઆ= બાયડીના ડોકનું ઘરેણું-
ટુંપીએ=ગળચવો.
કડાં=હાથનાં ઘરેણાં.
વીંટી=મુંદ્રીકા.
બાયડીએ=બઇરીએ
ધોતાં=નવાડતાં.
કોરે=બાજુએ.
હીરાકંઠી=હીરા કડીની સોનાની સાંકળી.
વાળી=નાકનું ઘરેણું.
વાંક=બાયડીનાહાથનું ઘરેણું.
કલાં=સાદાલીસાતોડા.

પાઠ ૭૭ મો.

ખીલા=બેઠલામાથાનો લોઢાનો અણીદાર ખુંટો.
સોનેરી=સોનાના.
કિમ્મત=મુલ; ભાવ.
બુદ્દા=કસબનાં ફુલ.
હળપુણી=લોઢાના દાંતો.
કિનખાબ=કસબજર
પાવડો=માટીઉસરડ-

વાનું લોઢાનું હથિ-
આર.
સાંકળ=લોઢાની સાંક-
ળી.
નકુચા=સાંકળ ભેરવ-
વાનો ખીલો.
હળ=જમીન ખેડવાનો
લોઢાનો અણીદાર
ખીટો
થએલી=બનેલી.
અંન=અનાજ.

પાઠ ૭૮ મો.

ડોકું=ધડની ઉપરનો
ભાગ; ડોક.
હડપચી=દાઢી આગ-
લની જગો.
બોચી=ગરદન.
ગાંસડી=બચકી; પો-
ટલી.
લમણુ=ગાલ આગળ
નો ભાગ.
મોખરો=જરૂખો.
ધડ=ડોકાની નીચેનો
ભાગ.
બાબરી=ચોટલો.

પાઠ ૭૯ મો.

બગલ=કાખ.
પેડું=પેટ નીચેની જગા.
તળીઊં= નીચલો ભાગ.
વાંસો=પીઠ; બરડો.
કેડો=કમ્મરો.
ગાળો=ભાગ.
એડી=પગના તળી-
આનો બડા આગ-
ળનો ભાગ.
ઢીચણ=ઘુટણ.
થાપો=ભાગ.
ઘુંટી= પગની એડી
આગળનો દેકો.
ખભો=ખાંધ.
કાંડુ=હાથનોપોહોંચો
સાથળ=જાંગ.
કાખ=બગલ.
હથેલી=હાથેલી.
નળો=ઘુટણ હેઠેનો
ભાગ.

પાઠ ૮૦ મો.

સોબત=સંગત.
આંબાવાડીઊં=આંબા
ઉગેલા હોય તેવાડી.
રખવાળ=સાચવનાર
ટપેર્યા=ઠોક્યા, માર્યા.
પોહોંચ્યા=આવી લા-
ગો.
ઝાંપો=કાંટાનું બારણું.
કેરી=આંબાનું ફળ.
હીંડ=ચાલ; દોડ.

પાઠ ૮૧ મો.

સંગ=સંગત.
પ્રેમ=હેત; પ્યાર.
ઠામ=ઠેકાણું; જગો.
બાગ્યશાળી= નસીબ-
વાન; નસીબવાળો.
પેસે=આવે.
ડરશે=ધાબશે.
રૂડો=સારો.
બુરો=નઠારો; ખરાબ.
મેહેતા=મેહેતાજી ગુરૂ.
સંગ=સંગત; સોબત.

(કવિતાની સમજુતી). (૧૨).

જેને જેવી સંગત તેવાજ રંગ ત્યાં બેસે, જેને જેવીસંગત

તેવુંજ હેત ત્યાં વધે, જેને જેવી સંગત તેવેજ કામ તે કરશે, અને જેને જેવી સંગત તેવેજ ઠેકાણે જઇને તે ઉભો રહેશે; સારી સંગત હશે તો સારો બનશે; ને નઠારી સંગત હશે તો નઠારો બને; પણ સારો મેહેતાજી શીખવનાર હોય તેના સંગથી નશીબવાળો હોય તો તે વિદ્યા ભણે, (ભણીને નશીબવાળોથાય).

પાઠ ૮૨ મો.

જલેબી=એક જાતનું ખાંડનો રસ પાયલું પકવાન.

ભાખરા=જાડા રોટલા

પોર=ગયે વર્ષે.

ભાણે=જમવાના આસન ઉપર.

પકવાન=લાડુ જલેબી દહીંતરા વગેરે મીઠાઈ.

પતાસાં=બતાસાં.

હારડા=ખાંડનાં ચકતાં

નાત=જમણવાર; જાત

રમકડાં=ખાંડના રસની ખાવાની ચીજો.

ઘેબર=એક જાતનું ખાંડનો રસ પાયલું પકવાન.

પાઠ ૮૩ મો.

ખાતર=મોટું બાકું.

ખોતરવું=ખોદવું.

વાગુજારૂ=શીકારૂ; વાગુજારમાંનો.

નજર=નીઘા; ધ્યાન.

દાટવું=ઢકણાવવું.

ધન=પૈસા; દોલત.

ધણી=શેઠ; માલિક

સમજે=ચેતે; જાણે.

તાણતા=ખેંચતાં

ગયલું=ખોવાયલું.

પાઠ ૮૪ મો.

વઢવાડ=લડાઈ.

મળાપ=મુલાકાત.

ચડભડી=લઢી; વઢી.

જમણું=જમ્બાનું.

અથાણું=આથણું.

શેખી=પતરાજી.

ખરીદવું=વેચાતુ લેવું.

જણીયો=બાહ્યો.

રડ્યું ખડ્યું=કોઈ કોઈ.

સામટો=એકઠો.

હાંલ્લું=કાદવનું મટકું.

ભેગું=એકઠું; સાથે.

મોઘું=ઘણી કિમ્મતનું.

સાહુકાર=પૈસાવાળો. આબરૂદાર ગ્રહસ્થ.

લેખું=ગણતી; હિસાબ.

ધાંટો=શોર; પોકાર.

લેખવે=ગણે; પત કરે.

શેનું=કઈ ચીજનું?

પાઠ ૮૫ મો.

સમડી=કાગડા કરતાં મોટું જબરી પાખવાળું પક્ષી.

વાઘરી=પારધી; શીકારી

જાળ=ફાંદો.

કરગરવું = કાલાવાલા
કરવા.
મરડવું=આમળવું.
અમઘો=ખાસો.
બગાડ્યુ=નુકસાન કર્યું
લુચ્ચો=દોંગો; ખંધો.
ડોક=ગરદન; ગળું.
વિચારવું=તોલ કરવો.

પાઠ ૮૬ મો.

બીડમાં=ખેતરમાં
મમત=ખોસ; જીદ.
ફુલાવવું=મોટું કરવું.
ગજુ=શક્તી.
તાલેવર=પૈસાદાર.
બરોબર=સરખું.
ખરચખૂટણ=પરચુરણ ખરચ.
ચંપાઈને=દબાઈને.
બરોબરી=સરખા સરખી; હરીફી.

પાઠ ૮૭ મો.

આડોશી પાડોશી=પાસેના ઘરમાં રેહેનારા; જોડેના ઘરના.
જાગવું=જાગૃત રેહેવું.
ગુણપાડ=ઉપકાર.
પકડ્યો=ઝાલ્યો.
ચોકી=પેહેરો.
જાળવ્યું=સાચવી રાખ્યું; તપાસી રાખ્યું.
ચાકરો=નોકરો.

પાઠ ૮૮ મો.

કંદોઇ=મીઠાઇ, ભજીયાં વગેરે વેચનારો.
ખડકી મૂકવું= ગોઠવી રાખવું.
શાકરીઆ=ખાંડનોરસ પાયલા; મીઠા.
ચકરડી=વાએ ફરતું કાગળનું રમકડું.
મિઠાઈ=બરફી પેંડા વગેરે મીઠી ચીજો.
કથરોટ=કોરણવાળું છીછરૂં વાસણ.
પાલખી=ખુલ્લો મેનો.
ચોંસલા=ચોડા કકડા.
રમકડાં=રમવાની ચી
ઠઠ=મેદની; ભીડ.(જો.
વોહોરો=હોરો.
સામાન=ચીજો.

પાઠ ૮૯ મો.

પંચરાઉ=પાંચજાતની પાચવાની.

કોદરા, તુવેર, નાગલી, મકાઈ, બાંગ, બંટી, મસુર, રાજગરો, બાજરો, મઠ, — જૂદી જૂદી જાતનાં અનાજનાં નામ.

અપવાસ=ભુખ્યા રેહેવું તે, લાંઘણ.
ફરાળ=ફળનો અહાર કરવો તે; (વ્રતમ ખાવાની ચીજો).
જાર=જુવાર.
ડાંગર=ભાત.

પાઠ ૯૦ મો.

ઘાંચી=તેલી; તેલ દીવેલ વેચનારો.
કણઝીઊં=કણઝીનું તેલ.

ઘાણી=તેલ, દીવેલી વગેરે પીલવાનો લાકડાનો સાંચો.
સરસીઊં=સરસવનું તેલ.
ફોલા=ગુમડાં.
પીલવું=દાબવું;કચડવું
સઘળા=બધા.
સરસવ=સરસીઊં કાઢવાનારાઇજેવાદાણા
ડોળીઊં=ડોળીનું તેલ.
એરંડી=દીવેલી.
ખોળ=પીલતાં કુચો રહેછે તે.
ડોળી=મહુડાનાં બી.
સ્વાદ=સારૂં.

કણઝી=એક જાતના અળસીને મળતા ઝીણા દાણા.

પાઠ ૯૧ મો.

હકીકત=વાત;વિસ્તાર હેવાલ.
કાચુંકોરૂં=તળેલું.
ઝંઝેરી=ઝાપટી.
સંજોરી=ઘુઘરા ધારી જેવું ખાંડવાળું ખાવાનું.
ખરખરાંને=ઘણોજ.
દારૂખાનું= આતસ. બાજી.
શીરો=એક જાતનું લચકા જેવું ખાવાનું.

ગેરૂ=એક જાતની લાલ માટી.
ફુલકરણી=ફુલકર.
જાળાં= કરોળીઆના પડ.
ટેટા=ફટાકા.
બચકો=ગાંસડો.
ફટાકા=ટેટા.
ઉધેબ્રુધે=ધોળી કીડી.
મઠીઆં=મુઠીઆ.
પેટારો=મોટી પેટી.
છછુંદરા=ફુલકરણી.
ફરતાંફરતાં=જુદાંજુદાં
ચોપડે=લગાવે; ચડવે.
ભારે=ઊંચા; કીમતી.
છોડેછે=ફોડેછે.

(એક ગણિતની સંખ્યા.)

એક	૧
દસ	૧૦
સો	૧૦૦
હજાર	૧૦૦૦
દસહજાર	૧૦૦૦૦
લાખ	૧૦૦૦૦૦
દસલાખ	૧૦૦૦૦૦૦

કરોડ ૧૦૦૦૦૦૦૦
દસકરોડ ૧૦૦૦૦૦૦૦૦
અબજ ૧૦૦૦૦૦૦૦૦૦
દસઅબજ ૧૦૦૦૦૦૦૦૦૦૦

(પરીમાણ.)

સત્તાવન ૫૭
છસો છત્રીસ ૬૩૬
ચારસો નવ ૪૦૯
સત્તરશો બાણું ૧૭૯૨
પંદરસો પાંચ... ... ... ૧૫૦૫
બે હજાર આઠસો બાર... ... ...૨૮૧૨
ચાર હજાર ચોરાણું ૪૦૯૪
નવ હજાર એકસો નેવું ૯૧૯૦
સોળ હજાર સાઠ ૧૬૦૬૦
પાંત્રીસ હજાર ત્રણસો તેર ૩૫૩૧૩
એકવીસ હજાર બસો બાણું ૨૧૨૯૨
એક લાખ બાવન હજાર બસો સાત ૧૫૨૨૦૭
ચાર લાખ ચાર હજાર નવસો છ ... ૪૦૪૯૦૬
છ લાખ સોળ હજાર નવસો ત્રીસ ... ૬૧૬૯૩૦
બાર લાખ બાર હજાર બે ૧૨૧૨૦૦૨
તેવીસ લાખ ત્રણ હજાર સાઠ ૨૩૦૩૦૬૦
સાત કરોડ બોતેર લાખ બાર હજાર છસો સોળ.૭૭૨૧૨૬૧૬
પંદર કરોડ પાંચ લાખ બારસો એકાવન.. ૧૫૦૫૦૧૨૫૧
નેવું અબજ સાતકરોડ સોળલાખ એકસોચૌદ૯૦૭૧૬૦૦૧૧૪

પા	(સો)	તે	૨૫	પચ્ચીસ.
અડધો	(સો)	તે	૫૦	પચાસ.
પોણો	(સો)	તે	૭૫	પંચોતેર.
પોણો	(સો)	તે	૯૯ાાસોમાંપાવલુંઓછું.	
પા	(હજાર)	તે	૨૫૦	બસોપચાસ
અડધો	(હજાર)	તે	૫૦૦	પાનસો.
પોણો	(હજાર)	તે	૭૫૦	સાડી સાતસો.
પા	(લાખ)	તે	૨૫૦૦૦	પચ્ચીસ હજાર.
અડધો	(લાખ)	તે	૨૫૦૦૦	પચાસ હજાર.
પોણો	(લાખ)	તે	૭૫૦૦૦	પંચોતેર હજાર.
પા	(કરોડ)	તે	૨૫૦૦૦૦૦	પચીસ લાખ.
અડધો	(કરોડ)	તે	૫૦૦૦૦૦૦	પચાસ લાખ.
પોણો	(કરોડ)	તે	૭૫૦૦૦૦૦	પંચ્ચોતેર લાખ.

(હિંદુના મહીના).

૧ કારતેગ.	૪ મહા.	૭ વૈશાખ.	૧૦ શ્રાવણ.
૨ માગસર.	૫ ફાગણ.	૮ જેઠ.	૧૧ ભાદર.
૩ પોસ.	૬ ચૈતર.	૯ અસાડ.	૧૨ આસો.

(હિંદુની તિથીઓ).

૧ પડવો	૫ પાંચેમ	૯ નોમ	૧૩ તેરસ
૨ બીજ	૬ છઠ	૧૦ દસમ	૧૪ ચોદસ
૩ ત્રીજ	૭ સાતમ	૧૧ અગીયારસ	૧૫ પુનેમ
૪ ચોથ	૮ આઠેમ	૧૨ બારસ	૩૦ (૦) અમાસ

(અંગ્રેજી મહિના.)

૧ જાનેવારી ૩૧	૨ ફેબ્આરી ૨૮	૩ મારચ ૩૧

૪ એપ્રીલ ૩૦	૭ જુલાઇ ૩૧	૧૦ અકટોબર ૩૧
૫ મે ૩૧	૮ અગષ્ટ ૩૧	૧૧ નવેમ્બર ૩૦
૬ જુન ૩૦	૯ સપ્ટેમબર ૩૦	૧૨ ડીસેમબર ૩૧

(પારસીના મહિના).

૧ ફરવદીન	૫ અમરદાદ	૯ આદર
૨ અરદીબેસ્ત	૬ સહરેવર	૧૦ દેહે
૩ ખોરદાદ	૭ મેહેર	૧૧ બહમન
૪ તાર	૮ આવાં	૧૨ અસપંદાદ

(પારસીના ૩૦ રોજ).

૧ હોરમજ	૧૧ ખોરશેદ	૨૧ રામ
૨ બહમન	૧૨ મોહોર	૨૨ ગોવાદ
૩ અરદીબેસ્ત	૧૩ તીર	૨૩ દેપદીન
૪ સહરેવર	૧૪ ગોસ	૨૪ દીન
૫ અસપંદાદ	૧૫ દપમેહેર	૨૫ આસીસન
૬ ખોરદાદ	૧૬ મેહેર	૨૬ આસતાદ
૭ અમરદાદ	૧૭ સરોસ	૨૭ આસમાન
૮ દેપાદર	૧૮ રશને	૨૮ જમીઆત
૯ આદર	૧૯ ફરવરદીન	૨૯ મારેશપંદ
૧૦ આવાં	૨૦ બેહેરામ	૩૦ અનેરા

(મુસલમાનના મહિના).

૧ મોહોરમ	૩ રબીઉલઅવલ	૫ જમાદીલ અવલ
૨ સફર	૪રબીઉલઆખર	૬ જમાદીલ આખર

૭ રજબ	૯ રમજાન	૧૧ જીકાદ
૮ શાબાન	૧૦ સવાલ	૧૨ જીહજ

(આઠ દિશાનાં નામ.)

ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, વાયવ્ય, ઇશાન, નેત્રુત્ય, અગ્નિ.

(ઉખાણાં).

૧—એક કોટડીમાં બત્રી બાવા તે શું? જ—દાંત.
૨—એક દેરા ઉપર સાત દરવાજા તે શું? જ—ડોકું.
૩—સમજે નહિ ને ઘર સાચવે. જ—તાળું.
૪—પ્રાણ નહિ પણ પલ પલ ગણે. જ—ઘડીઆળ.
૫—છાપરે છાપરે મગ વેરાએ. જ—વરસાદ.
૬—છાપરે છાપરે પીછોડી પથરાએ. જ—તડકો.
૭—બે હાથ ભોંયમાં બારસે ગામ. જ—નકશો.
૮—એક મરઘીના પેટમાં સો ઇંડા. જ—ફણસ.
૯—આટલી રાંડ રાજાની પાઘડી ઉતરાવે. જ—જુ.
૧૦—જરા સરખી ચીજ તેથી આખું ગામ જમે. જ—દેવતા.
૧૧—ઊંચેથી પડી કુકડી તેની ગાંડ ગઈ ઉખડી. જ—આમલી
૧૨ ઊંચેથી પડ્યું અમ્મર તેને નહિ કેડને કમ્મર. જ—નરેખ.
૧૩ રાજાની રાણી બારીએ બેસીને કોયલા ચાવે. જ—જાંબુ.
૧૪ ગામ બધું નાસી ગયું ને બાબાજી રહી ગયા. જ—ચુલો.
૧૫ આડ ગાંડ ને અંતરે વાસો, નહિ કેહે તેનો વણકર માસો. જ—સીકુ.
૧૬ ધોળી ગાય તેલ નાહાય, ને રાત પડે ત્યારે હનુંમાન થાય. જ—દીવટ.

૧૭—વન વગડામાં રાતી ખારી, છોકરાં પરણે ને મા કુંવારી
જ—મીંઢળનું ઝાડ.

૧૮—ધોળું ખેતર ને કાળાં બી, ઓરતો જાય ને ખખડતો જાય
જ—કાગળ લખવો તે.

૧૯—કાચકાની કોથળી ધમ ધમ વાગે, રતન પરવાળું મને હાય હાય લાગે. જ—મરચું.

૨૦—ગરમ દેશની છોકરી માથે રાખે ટોપલી, પેટમાં રાખે છોકરો, કીમ્મત તેનો પા દોકડો. જ—ખારેક.

૨૧—લીલી પીળી બાંસલી બજાવનાર કોણ, બીબી ચાલ્યા સાસરે મનાવનાર કોણ. જ—મડદું.

૨૨—જીવ વિનાનું જાનવર મોંએ કરે વાત, તેનું ટકટક કરવું સાંભળી કામે લાગે હાથ. જ—ઘડીઆળ

૨૩—નાકાશાની દીકરી તે તે ભીતરશાને દીધી, પાંચ ભાઈ દોડ્યા ત્યારે એ જાણે લીધી. જ—ચીટ

૨૪—તપેલામાં તપેલું માંહે તલંગી ઘોડો, ખોલાએ તો ખોલે નહિતો બેઠા માથું ફોડો. જ—તાળું

૨૫—ઊંચ મુચ ગુંગળું સાપ પણ નહિ, લાકડીથી હાંકીએ ઢોર પણનહિ; આપે જુદી જાતના ફળ ઝાડ નહિ; અને ચક ચકરે તે ફરે ચગડોળ પણ નહિ. જ—કુંભારનો ચાક.

૨૬—નારીકું પણ સુંદરી, ત્રણ અક્ષરનું નામ; થાક નિવારણ કારણે. બેસે સૌ મુજ ઠામ; ખડી રહું પાએ ચાર, ન થાકુ હું તોય; સુખ પમાડું સર્વને, આરામ હુંથીજ હોય; કોઇવાર મુઠ્ઠાં હાથ, કોઇવાર રહું હું ઠુંઠી; કવિજન કે સત માનજો, એ વાત નથી જુઠી. જ—ખુરસી.

ખબર.

આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી વેચાથી મળશે.

નડીઆદ—કાગદી સાદકભાઈ ચોપડી વેચનારે.

વડોદરા—બુકસેલર દસરથ રાગોબા ઠા. રાવપરામાં.

બુકસેલર રણછોડ મોતીરામ.

વલસાડ—બુકસેલર દવારકાંદાસ પરભુદાસ.

સુરતમાં—મેહેતાજી ફકીરભાઈ કાશીદાસ.

બુકસેલર કીકાભાઈ પરભુદાસ.

બુકસેલર મંચેરજી જમસેદજી.

બુકસેલર કરશનદાસ નારણદાસ.

મુંબાઈમાં— બુકસેલર સખારામ ભીકસેટ.

બુકસેલર બાળકૃષ્ણ લક્ષમણ.

બુકસેલર ભીમશી માણેક.

બુકસેલર દામોદર ઇશ્વર.

બુકસેલર ગોકળદાસ હરજીવનદાસ,

વીરમગામ—બુકસેલર ભીખા નથુરામ.

બુકસેલર મુળશંકર લલુ.

સામટી લેવી હોય તેમણે પોસ્ટપેટ કાગળ લખી ખુલાસો કરવો. નાટપેટ કાગળ લીધામાં આવશે નહીં. મુંબાઈનાં છાપેલાં સંસ્કૃત, હીંદુસ્તાની, ગુજરાતી, ડાકસ્નેરીઓ, નાટકો, જેનધરમનાં, તથા વૈષ્ણવધરમનાં, તથા વારતાઓ, તથા કાયદાઓ, પેહેલેથી તે સાતમી સુધીના અરથ, તરજુમાઓ, અને વઈદકનાં પુસ્તકો વિગેરે બીજી ઘણી ખરી જાતનાં પુસ્તકો અમારી પાસેથી ઘણી સરસ છાપને સસતી કીમતે મળશે.

બુકસેલર જીગજીવનદાસ દલપતરામ.

ઠા. અમદાવાદમાં બાલેટનની હવેલીમાં.